


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 105
Dt.: 25-12-2025, Thursday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### અમારી વિચારધારા એક જ છે : ઉદ્ધવ ઠાકરે

## ૨૦ વર્ષ બાદ એક સાથે આવ્યા ઠાકરે બંધુઓ, BMC ચૂંટણી ગઠબંધનમાં લડવા કરી જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની ચૂંટણી આવતા મહારાષ્ટ્રના રાજકારણમાં પણ ગરમાવો આવી જાય છે. આ ચૂંટણીમાં ૨૦ વર્ષ પછી ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એકસાથે જોવા મળી રહ્યા છે. શિવસેના (ઉદ્ધવ જૂથ) અને રાજ ઠાકરેની (મહારાષ્ટ્ર નવનિર્માણ સેના)એ જાહેર કર્યું છે કે, હવે તેઓ મહારાષ્ટ્રની ૨૯ મહા નગરપાલિકાની ચૂંટણી સાથે મળીને લડશે. આ જાહેરાત પહેલા પરિવારજનોએ બંને ભાઈની એકસાથે આરતી ઉતારીને શુભેચ્છાઓ આપી હતી. આ દરમિયાન મુંબઈમાં એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ આ ગઠબંધનની સત્તાવાર જાહેરાત કરી હતી. સૂત્રોના જણાવ્યાનુસાર, બંને પક્ષો બીએમસીની કુલ ૨૨૭ બેઠકની વહેંચણી પર પણ આખરી મહોર મારી દીધી છે.

સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ આ ગઠબંધનની સત્તાવાર જાહેરાત કરી હતી. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, મહારાષ્ટ્રનું નેતૃત્વ ફક્ત ઠાકરે જ કરી શકે. મહારાષ્ટ્રના આંદોલનમાં ૧૦૭ લોકોના મોત થયા હતા. તે આંદોલનની આગેવાની અમારા દાદાએ કરી હતી. મારા અને રાજ ઠાકરેના પિતા પણ તે આંદોલનમાં સામેલ હતા. મરાઠીઓના અધિકાર માટે શિવસેનાની સ્થાપના થઈ હતી. અમે દિલ્હીમાં બેઠેલા લોકોને રોકવા સાથે આવ્યા છીએ. અમારી વિચારધારા એક જ છે. અમને મરાઠીઓના બલિદાન યાદ છે. આ વખતે અમારે તૂટવાનું નથી. જો એવું થયું તો તે બલિદાનોનું અપમાન ગણાશે.

આ દરમિયાન રાજ ઠાકરેએ કહ્યું કે, મુંબઈ અમારા ઝઘડાથી મોટું છે. આજે અમે બંને ભાઈ સાથે છીએ. સીટોની વહેંચણી પણ મહત્ત્વની નથી. મુંબઈનો મેયર મરાઠી હશે અને તે અમારો હશે.

સૂત્રોના જણાવ્યાનુસાર, બીએમસની ચૂંટણી માટે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વચ્ચે સંમતિ સધાઈ ગઈ છે. એવું કહેવાય છે કે, બીએમસીની કુલ ૨૨૭ બેઠક છે, જે પૈકી શિવસેના (ઉદ્ધવ જૂથ) ૧૪૫-૧૫૦ અને રાજ ઠાકરેની મનસે ૬૫-૭૦ બેઠક ચૂંટણી લડી શકે છે. હાલમાં જ મહારાષ્ટ્રની સ્થાનિક એકમની ચૂંટણીમાં ભાજપ, શિવસેના (શિંદે જૂથ) અને એનસીપીના ગઠબંધન હેઠળની મહાયુતિ સામે કારમા પરાજયનો સામનો કર્યા બાદ ઠાકરે બંધુઓએ એક થવાનો નિર્ણય કર્યો હતો. ઉદ્ધવ ઠાકરેની શિવેસના ગત બીએમસી ચૂંટણીમાં જીતેલી ૮૪ પૈકી ૧૨-૧૫ બેઠક મનસેને આપવા તૈયાર હતી, પરંતુ કેટલીક પ્રતિષ્ઠાભરી બેઠકો પર કોયડો ગૂંચવાયો હતો, જે હવે ઉકેલાઈ ગયો હોવાનું મનાય છે.

આ ગઠબંધન પાછળ લાંબી ચર્ચાનો દોર ચાલ્યો હતો. શિવસેના

#### મુંબઈ અમારા ઝઘડાથી મોટું છે, આજે અમે બંને ભાઈ સાથે છીએઃ સીટોની વહેંચણી પણ મહત્ત્વની નથી : મેયર મરાઠી હશે અને તે અમારો હશેઃ રાજ ઠાકરે

(ઉદ્ધવ જૂથ)ના સાંસદ સંજય રાઉત રાજ ઠાકરેના નિવાસસ્થાન શિવતીર્થ જઈને મળ્યા હતા. આ બેઠક પછી રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના નેતાઓ પણ ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાન માતોશ્રી પહોંચ્યા હતા, જ્યાં તેમણે એક થવાના નિર્ણય પર અંતિમ મહોર મારી હતી.

નોંધનીય છે કે, આ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં મંચ પર ઉદ્ધવ ઠાકરે સાથે તેમના પુત્ર આદિત્ય ઠાકરે અને રાજ ઠાકરે સાથે તેમના પુત્ર અમિત ઠાકરે પણ હાજર હતા.

મહારાષ્ટ્રની ૨૨૮ નગર પરિષદો અને પંચાયતોની ચૂંટણીમાં ભાજપ, શિવસેના (શિંદે જૂથ) અને એનસીપી (અજિત પવાર જૂથ)ની મહાયુતિએ ૨૨ ડિસેમ્બરે જોરદાર જીત હાંસલ કરી હતી. આ ચૂંટણીમાં મહાયુતિએ ૨૦૭ અધ્યક્ષ પદ જીત્યા હતા, જ્યારે ભાજપ એકલા હાથે ૧૧૭ બેઠક પર જીત હાંસલ કરીને સૌથી મોટો પક્ષ બન્યો હતો. આ ચૂંટણીમાં શિવસેના (ઉદ્ધવ જૂથ) અને એનસીપી (શરદ પવાર જૂથ)નું મહાવિકાસ અઘાડી ગઠબંધન માંડ ૪૪ બેઠક જીત્યું હતું.

આ પહેલા બીએમસીની છેલ્લી ચૂંટણી ૨૦૧૭માં થઈ હતી. એ વખતે ૨૨૭ બેઠકો પૈકી શિવસેનાએ સૌથી વધુ ૮૪ અને ભાજપે ૮૨ બેઠક પર જીત હાંસલ કરી હતી. તો કોંગ્રેસે ૩૧ અને મનસેએ ફક્ત ૭ બેઠક જીતી હતી.

### પૂણેની ૪૨ વર્ષીય મહિલા વિરુદ્ધનો કેસ હાઈકોર્ટે રદ કર્યો

## કૂતરાઓને ગમે તે સ્થળે ખવડાવનારને અટકાવવા ગેરકાયદે ના ગણાયઃ હાઈકોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા) મુંબઈ

કૂતરાઓને રસ્તા પર ખાવાનું ખવડાવતા રોકવાના મામલે બોમ્બે હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. રખડતા કૂતરાઓને બિન ફાળવેલા સ્થળ પર જો કોઈ વ્યક્તિ ખાવાનું ખવડાવે છે અને તેને રોકવામાં આવે છે તો તેને ભારતીય ન્યાય સંહિતા હેઠળ ખોટી રીતે પ્રતિબંધ અથવા અવરોધ ગણી શકાય નહીં. બોમ્બે હાઈકોર્ટના જજ જસ્ટિસ રેવતી મોહિતે ડેરે તથા સંદેશ પાટિલની ખંડપીઠે આ સંદર્ભે પૂણેના રહેવાસી એવા ૪૨



વર્ષીય મહિલા વિરુદ્ધ દાખલ ફોજદારી કેસને રદ કર્યો હતો. પૂણેની રહેવાસી મહિલાએ પોતાની હાઉસિંગ સોસાયટીના ગેટ નજીક શેરીના કૂતરાઓને ખવડાવવા બદલ અન્ય મહિલા તથા તેના મિત્રોને કથિત રીતે અટકાવ્યા હતા. હાઈકોર્ટે નોંધ્યું કે, બિન ફાળવેલી જગ્યાએ જો કોઈ વ્યક્તિ કૂતરાઓને ખવડાવે છે અને તેને આમ કરતા કોઈ અટકાવે છે તો તેને બીએનએસ હેઠળ અવરોધ ગણી શકાય નહીં.૧૮ ડિસેમ્બરના કોર્ટના હુકમ મુજબ ફૂટપાથ, સોસાયટીના પ્રવેશ કે નિકાસ દ્વારા પાસે અને બાળકોના સ્કૂલ બસના પિક અપ પોઈન્ટ નજીક કૂતરાઓને ખાવાનું ખવડાવતા લોકોને રોકવામાં આવે છે તો તે સ્વેચ્છિક અવરોધ અથવા કોઈ ખોટી રીતે પ્રતિબંધ નહીં ગણવામાં આવે. આરોપી મહિલાએ કોર્ટને જણાવ્યું હતું કે, ફરિયાદી તથા તેના મિત્રો દ્વારા કૂતરાઓને જે સ્થળે ખવડાવતા હતા તે ખાવાનું આપવાની નિયત જગ્યા નથી. આ મામલે બોમ્બે હાઈકોર્ટે રખડતાં કૂતરાઓના મામલે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ તથા પશુ જન્મ નિયંત્રણ નિયમ હેઠળ તેમના માટે નિયત ખોરાકના સ્થળનો ઉલ્લેખ કર્યો હતો. આ પ્રકારે ગમે ત્યાં કૂતરાઓને ખવડાવવી રહેલા લોકોને અટકાવવા તે ગુનાઈત ઈરદો નથી દર્શાવતો પરંતુ બાળકો તેમજ સોસાટીના રહેવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હેતુ દર્શાવે છે. અગાઉ કૂતરાઓ દ્વારા કરડવા તથા હુમલાની ઘટના બની હોવાથી આરોપીએ અન્ય મહિલા અને તેમના મિત્રોને ખાવાનું નાંખતા રોક્યા તે કલ્પનાની કોઈપણ હદ સુધી ગેરકાયદે નથી તેમ હાઈકોર્ટે નોંધ્યું હતું.

## વધુ ૩ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશની SIR ડ્રાફ્ટ યાદી જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ચૂંટણી પંચ દ્વારા ચલાવવામાં આવેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અભિયાન હેઠળ અંદમાન અને નિકોબાર દ્વીપસમૂહ, કેરળ, છત્તીસગઢ તેમજ મધ્ય પ્રદેશના ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં આશરે કુલ ૯૫ લાખ મતદારોના નામ દૂર કરવામાં આવ્યા છે. અંદમાન અને નિકોબાર દ્વીપસમૂહમાં કુલ ૩.૧૦ લાખ મતદારોમાંથી ૬૪,૦૦૦ નામ ડ્રાફ્ટ યાદીથી બહાર કરી દેવામાં આવ્યા છે. કેરળમાં ૨.૭૮ કરોડ મતદારોમાંથી ૨૪.૦૮ લાખ નામ દૂર કરવામાં આવ્યા છે. છત્તીસગઢમાં ૨.૧૨ કરોડ મતદારોમાંથી ૨૭.૩૪ લાખ નામ ડ્રાફ્ટમાંથી દૂર કરવામાં આવ્યા છે. જોકે, મધ્ય પ્રદેશમાં ૫.૭૪ કરોડ મતદારોમાંથી ૪૨.૭૪ લાખ નામ દૂર કરવામાં આવ્યા છે. આ નામ મુખ્યરૂપે મૃતક મતદારો, સ્થળાંતરિત થઈ ચૂકેલા અથવા ગેરહાજર મતદારો તેમજ ડુપ્લીકેટ નામ હોવાના કારણે દૂર કરવામાં આવ્યા છે. ચૂંટણી પંચનું કહેવું છે કે, આ પ્રક્રિયા મતદાર યાદીને સાફ અને અદ્યતન બનાવવા માટે કરવામાં આવી રહી છે. જે મતદારોનું નામ ડ્રાફ્ટ યાદીમાંથી દૂર કરવામાં આવે છે, તે પુનઃસામેલ કરવા માટે અરજી કરી શકે છે. દાવા અને વાંધા માટેનો સમયગાળો ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫થી ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી રહેશે. મતદાર નોંધણી અધિકારી અરજી પર અંતિમ નિર્ણય લેશે. સંશોધન અને વાંધાની પ્રક્રિયા પૂરી થયા બાદ અંતિમ મતદાર યાદી ૧૪ ફેબ્રુઆરીસ ૨૦૨૬ના દિવસે જાહેર કરવામાં આવશે. ડ્રાફ્ટ મતદાર યાદી સંબંધિત રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારીની વેબસાઈટ, ચૂંટણી પંચના વોટર પોર્ટલ તથા ઈસીઆઈએનટી એપ પર ઉપલબ્ધ છે. મતદારો પોતાનું નામ ઓનલાઈન તપાસી શકે છે અને જરૂર પડ્યે ફરિયાદ દાખલ કરી શકે છે. ચૂંટણી પંચે તમામ યોગ્ય મતદારોને અપીલ કરી છે કે, તેઓ પરિસ્થિતિ તપાસ અને સમય પર દાવો દાખલ કરે જેથી કોઈ યોગ્ય મતદાર વંચિત ન રહી જાય.




## તંત્રી લેખ......

### બાંગ્લાદેશી હિન્દુઓ એક મોટા ખતરાનો સામનો કરી રહ્યા છે

બાંગ્લાદેશના મૈમનસિંહ જિલ્લામાં હિન્દુ યુવાન દીપુ ચંદ્ર દાસની ક્રૂર હત્યા એકમાત્ર ઘટના નથી જે આ દેશમાં હિન્દુઓની દુર્દશા અને તેઓ જે જોખમોનો સામનો કરી રહ્યા છે તે દર્શાવે છે. તેઓ સતત ધમકી હેઠળ રહ્યા છે, અને આ ધમકી ફક્ત વધતી જ જાય છે. એવું નથી કે ગયા વર્ષે ઓગસ્ટમાં શેખ હસીના સરકારને ઉથલાવી દેવાથી ત્યાંના હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ પર આફત આવી. સત્ય એ છે કે ભારતના ભાગલા પછી પાકિસ્તાન અને પછી બાંગ્લાદેશમાં હિન્દુઓ ક્યારેય શાંતિથી રહી શક્યા નથી. ભારતના ભાગલા સમયે, દલિત નેતા જોગેન્દ્ર નાથ મંડલને કારણે, પૂર્વ પાકિસ્તાન, એટલે કે આજના બાંગ્લાદેશમાં હિન્દુઓ અને ખાસ કરીને દલિત હિન્દુઓની સંખ્યા વધુ હતી.

તેમણે ઝીણાની મુસ્લિમ લીગને ટેકો આપ્યો હતો, તેઓ માનતા હતા કે નવા રચાયેલા દેશમાં દલિતો વધુ સુરક્ષિત અને સશક્ત બનશે. પૂર્વ પાકિસ્તાનમાં તેમનો નોંધપાત્ર પ્રભાવ હતો. મંડલ પાકિસ્તાનના કાયદા પ્રધાન બન્યા, પરંતુ ઝીણાના મૃત્યુ સાથે, હિન્દુઓની ઉપેક્ષા અને અત્યાચાર ચાલુ રહ્યો. મંડલે રાજીનામું આપ્યું અને શાંતિથી કલકત્તા પાછા ફર્યા, પરંતુ પાછળ રહી ગયેલા હિન્દુઓ તેમના વચનોથી છેતરાઈ ગયા. પાકિસ્તાનના બંને ભાગોમાં હિન્દુઓ પર અત્યાચાર ચાલુ રહ્યો. પૂર્વ પાકિસ્તાનથી હિન્દુઓનું ભારતમાં સ્થળાંતર ક્યારેય બંધ થયું નહીં. જ્યારે પૂર્વ પાકિસ્તાન તેની સ્વતંત્રતા માટે લડી રહ્યું હતું, ત્યારે ત્યાંથી ભાગી જનારી વસ્તીમાં મોટાભાગની હિન્દુઓ હતી.

પૂર્વ પાકિસ્તાન બાંગ્લાદેશ બન્યા પછી, હિન્દુઓ અને અન્ય લઘુમતીઓએ રાહતનો શ્વાસ લીધો, પરંતુ આ નવા રચાયેલા દેશમાં પણ તેમનો અત્યાચાર ઓછો થયો નહીં. ઉગ્રવાદી તત્વો સમયાંતરે તેમને નિશાન બનાવતા રહ્યા. દુશ્મન સંપત્તિ અધિનિયમે પણ આમાં ભૂમિકા ભજવી. આ કાયદાની આડમાં, લઘુમતી જમીનો કબજે કરવી સરળ હતી. આ કાયદો પાકિસ્તાન દ્વારા ઘડવામાં આવ્યો હતો, પરંતુ તે બાંગ્લાદેશની રચના પછી પણ અમલમાં રહ્યો. આ કાયદાને કારણે, હિન્દુઓ અને બૌદ્ધોની લાખો એકર જમીન કબજે કરવામાં આવી છે. હિંસક તત્વો તેમની મિલકતને દુશ્મન સંપત્તિ જાહેર કરવા અને તેને કબજે કરવા માટે નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરે છે. લઘુમતીઓ, ખાસ કરીને હિન્દુઓની જમીન સંબંધિત લાખો કેસ કોર્ટમાં પેન્ડિંગ છે. જોકે શેખ હસીના સરકારે આ કાયદામાં સુધારો કર્યો, તે અપૂરતો સાબિત થયો. એવું માનવામાં આવે છે કે શેખ હસીનાની સરકાર હેઠળ હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ સુરક્ષિત અનુભવતા હતા, પરંતુ આ ફક્ત મર્યાદિત હદ સુધી જ સાચું છે.

તેમના શાસન દરમિયાન હિન્દુઓ પર પણ અત્યાચાર કરવામાં આવ્યો હતો. એ સાચું છે કે ખાલિદા ઝિયાના શાસન કરતાં તે ઓછું હતું. પરિણામે, બાંગ્લાદેશમાંથી હિન્દુઓનું સ્થળાંતર ક્યારેય બંધ થયું નહીં. શ્રીમંત હિન્દુઓ વિદેશમાં સ્થળાંતર કરતા રહ્યા, જ્યારે ગરીબો ભારતમાં ભાગી ગયા. શેખ હસીનાએ જમાત-એ-ઈસ્લામી જેવા કટ્ટરપંથી જૂથો અને લઘુમતીઓ પર અત્યાચાર કરનારા જેહાદી તત્વોને નિયંત્રિત કર્યા. તેમની સરકારના ઉથલાવી પાડ્યા પછી, આવા તત્વો બેકાબૂ બન્યા છે, અને છેલ્લા ૧૬ મહિનામાં દમન વધ્યું છે. બળવા પછી રચાયેલી નવી વિદ્યાર્થી પાર્ટી દ્રઝઁ અને ઈક્લાબ મંચ જેવા રાજકીય જૂથોની વિચારધારા જમાત-એ-ઈસ્લામીની નજીક છે. તાજેતરમાં હત્યા કરાયેલ વિદ્યાર્થી નેતા, ઉસ્માન હાદી, ઈક્લાબ મંચના હતા અને ભારતના કટ્ટર વિરોધી હતા. બાંગ્લાદેશની વર્તમાન પરિસ્થિતિ શેખ હસીના સરકારના ઉથલાવી દેવા પહેલાં જેટલી ખતરનાક હતી તેટલી જ ખતરનાક દેખાય છે. તે સમય દરમિયાન, હિન્દુઓ પર મોટા પાયે હુમલા કરવામાં આવ્યા હતા. તેમના ઘરો, દુકાનો અને મંદિરોને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. તે સમયે, વચગાળાની સરકારના વડા, મોહમ્મદ યુનુસે, લઘુમતીઓના રક્ષણ અંગે ખાતરી આપી હતી, અને હવે પણ આપી રહ્યા છે, પરંતુ આ વચનો પોકળ સાબિત થઈ રહ્યા છે. એ વાત સાચી છે કે બાંગ્લાદેશ હાલમાં પાકિસ્તાન જેવું નથી, પરંતુ હવે તેના જેવું બનવાનો ભય છે, કારણ કે ફેબ્રુઆરીમાં ચૂંટણીની સાથે જ બંધારણીય સુધારા પર લોકમત પણ નક્કી કરવામાં આવ્યો છે, અને બાંગ્લાદેશને સંપૂર્ણ ઈસ્લામિક દેશ બનાવવા માંગતા તત્વો વધુને વધુ અવાજ ઉઠાવી રહ્યા છે. કેટલાક તો શરિયા કાયદાના અમલીકરણની માંગ પણ કરી રહ્યા છે.

### વડોદરા સ્ટેશન પર એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોકના કારણે અમદાવાદ મંડળની કેટલીક પેસેન્જર ટ્રેનો પ્રભાવિત રહેશે

પશ્ચિમ રેલવેના વડોદરા સ્ટેશન પર લાઈન નં. ૩ પર એન્જિનિયરિંગ (કમ્પ્લીટ ટ્રેક રિન્યૂઅલ) કાર્ય માટે ૨૪ ડિસેમ્બર ૨૦૨૫થી ૨૫ દિવસનો બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે અમદાવાદ મંડળથી ચાલતી કેટલીક પેસેન્જર ટ્રેનો પ્રભાવિત થશે. પ્રભાવિત ટ્રેનોની વિગત નીચે મુજબ છે :–

શોર્ટ ટર્મિનેટ થનારી ટ્રેનો

ટ્રેન નં. ૬૯૧૦૮ અમદાવાદ–વડોદરા મેમૂ તારીખ ૨૪.૧૨.૨૦૨૫ થી ૧૭.૦૧.૨૦૨૬ સુધી બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા આ ટ્રેન બાજવા–વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટ્રેન નં. ૬૯૧૦૨ અમદાવાદ–વડોદરા મેમૂ તારીખ ૨૪.૧૨.૨૦૨૫ થી ૧૭.૦૧.૨૦૨૬ સુધી બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા આ ટ્રેન બાજવા–વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટ્રેન નં. ૧૯૦૩૬ અમદાવાદ–વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ તારીખ ૨૪.૧૨.૨૦૨૫ થી ૧૭.૦૧.૨૦૨૬ સુધી બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા આ ટ્રેન બાજવા–વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

શોર્ટ ઓરિજિનેટ (પ્રારંભ) થનારી ટ્રેનો

ટ્રેન નં. ૬૯૧૦૭ વડોદરા–અમદાવાદ મેમૂ તારીખ ૨૪.૧૨.૨૦૨૫ થી ૧૭.૦૧.૨૦૨૬ સુધી બાજવા સ્ટેશન થી શોર્ટ ઓરિજિનેટ થશે તથા વડોદરા–બાજવા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટ્રેન નં. ૧૯૦૩૫ વડોદરા–અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ તારીખ ૨૪.૧૨.૨૦૨૫ થી ૧૭.૦૧.૨૦૨૬ સુધી બાજવા સ્ટેશન થી શોર્ટ ઓરિજિનેટ થશે તથા વડોદરા–બાજવા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

યાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં વણથંભી તેજીઃ સોનાનો વાયદો રૂ.૩૯૩ અને ચાંદીનો વાયદો રૂ.૩,૭૦૦ ઊછળ્યો

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩૨ની વૃદ્ધિઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૪૫૩૩.૪૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૭૮૯૧૯.૧૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૨૯૯૨.૮૫ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૪૬૭૩ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૩૨૩૪૭૧.૦૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૪૫૩૩.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૭૮૯૧૯.૧૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૪૬૭૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૫૧૮.૦૧ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૨૯૯૨.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૮૧૬૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૮૬૭૬ અને નીચામાં રૂ.૧૩૮૦૮૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૭૮૮૫ના આગલા બંધ સામે રૂ.૩૯૩ વધી રૂ.૧૩૮૨૭૮ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૯૭ વધી રૂ.૧૧૦૪૮૩ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૭ વધી રૂ.૧૩૮૧૦ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૯ વધી રૂ.૧૩૬૨૪૮ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૬૬૭૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૬૮૯૩ અને નીચામાં રૂ.૧૩૬૨૬૬ના મથાળે અથડાઈ, રૂ.૧૩૬૦૭૬ના આગલા બંધ સામે રૂ.૫૭૬ વધી રૂ.૧૩૬૬૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૨૧૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૨૪૩૦૦ અને નીચામાં રૂ.૨૨૧૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૧૯૬૫૩ના આગલા બંધ સામે રૂ.૩૭૦૦ વધી રૂ.૨૨૩૩૫૩ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૩૭૨૪ વધી રૂ.૨૨૩૯૨૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૩૬૭૫ વધી રૂ.૨૨૩૮૮૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૭૧૮૧.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૨૨.૩૫ વધી રૂ.૧૧૬૨.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૧.૪ વધી રૂ.૩૦૬.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૨.૧ વધી રૂ.૨૮૬.૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૧૦ પૈસા વધી રૂ.૧૮૧.૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૨૨૨.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૭૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૯૯૪ અને નીચામાં રૂ.૩૯૩૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૪ વધી રૂ.૩૯૭૭ થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૨૫૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૦૩ અને નીચામાં રૂ.૫૨૫૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૨૫૪ના આગલા બંધ સામે રૂ.૩૨ વધી રૂ.૫૨૮૬ થયો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૩૪ વધી રૂ.૫૨૮૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૩.૭ વધી રૂ.૩૯૪.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧૪.૬ વધી રૂ.૩૯૪.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૩૯ના ભાવે ખૂલી, ૬૦ પૈસા વધી રૂ.૯૪૧.૬ થયો હતો. કોટન ડિસેમ્બર વાયદો રૂ.૯૮૦ વધી રૂ.૨૫૮૧૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૯૮ના ભાવે ખૂલી, રૂ.૬ ઘટી રૂ.૨૬૮૩ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૫૮૩.૪૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૯૪૦૯.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૬૧૧૪.૦૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૭.૧૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭.૫૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૮૧૨.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૧.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૬૧.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૮૪૯.૦૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૩૫૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૮૨૨૨૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૨૭૦૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૫૦૬૯૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૭૩૫૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૩૦૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૩૯૭૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૮૪૦૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૫૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૫૮૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૮૮૯૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૪૭૦૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૪૭૭૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૪૬૦૩ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૨૫ પોઈન્ટ વધી ૩૪૬૭૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૨ વધી રૂ.૧૪૯.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૭૫ વધી રૂ.૧૬.૪૫ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨ વધી રૂ.૧૨૧૮ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૨૨૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૬ વધી રૂ.૧૭૪.૫ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૧૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫.૯૫ વધી રૂ.૪૨ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૯ વધી રૂ.૪.૬ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧.૭ વધી રૂ.૧૫૧.૪૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૦૫ વધી રૂ.૧૬.૬ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૧૩૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૩ વધી રૂ.૧૨૮૭ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ડિસેમ્બર રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૩ વધી રૂ.૧૮૧.૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૪.૩ ઘટી રૂ.૧૬૮.૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬૫ ઘટી રૂ.૩૨.૬૫ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૨.૫ ઘટી રૂ.૧૪૫૦ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૧૬૨.૫ ઘટી રૂ.૪૦૮ થયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૪.૫૮ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી રૂ.૫૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૩.૧ ઘટી રૂ.૧૪૫ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૯૫ ઘટી રૂ.૩૨.૬ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૧૩૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૫ ઘટી રૂ.૧૦૧૯.૫ થયો હતો. ચાંદી-મિની ડિસેમ્બર રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯૬૯.૫ ઘટી રૂ.૪૧૪ના ભાવે બોલાયો હતો.

## સરકાર દારૂબંધીના કાયદાને નબળો પાડી રહી છેઃ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



આણંદ ખાતે પહોચેલ જન આક્રોશ યાત્રામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે દારૂનુ વાહન બોર્ડર ક્રોસ કરી દેશના ગૃહમંત્રીના વિસ્તાર સુધી પહોચે છે, અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા કહ્યુ કે તલાટી થી લઈને મુખ્યમંત્રીની ઓફીસ સુધી વ્યવહાર વિના કોઈ કામ થતા નથી, પૈસા આપ્યા વગર નોકરીઓ મળતી નથી, ગુજરાતમાં રાજકીય પરીવર્તનનો સંકલ્પ લઈને કોંગ્રેસ દ્વારા શરૂ કરવામાં આવેલી જનઆક્રોશ યાત્રાના દ્વિતિય ચરણનો ગત તારીખ ૨૦ ડીસેમ્બર ના રોજ ખેડા જિલ્લાના ફાગવેલ થી પ્રારંભ થયો છે.

૩ દિવસ સુધી ખેડા જિલ્લાના વિવિધ ગામ અને શહેરોમાં પરીભ્રમણ કર્યા બાદ આજે બુધવારે બોરીયાવી ખાતેથી આ જનઆક્રોશ યાત્રાએ આણંદ જિલ્લામાં પ્રવેશ કર્યો હતો.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની આગેવાની હેઠળ નિકળેલી આ જનઆક્રોશ યાત્રા બોરીયાવી, લાંભવેલ થઈ આણંદ શહેરમાં આવી પહોચી હતી, બાંધણી ચોકડી ખાતે આવેલ લીંમ્બચ માતાના મંદિર ખાતે સભા યોજવામાં આવી હતી. જેમાં અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, દારૂ ડ્રગ્સની બદી સહિતના વિવિધ મુદ્દા ઉપર રાજ્ય તેમજ કેન્દ્રની ભાજપ સરકારને ઘેરી હતી.

અંગ્રેજો જેવુ શાસન ગાંધીનગર અને દિલ્હીમાં ચાલે છે તેવુ પણ તેમણે કહ્યુ હતું. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે અત્યારે કોઈ ચુંટણી નથી, કોઈના મત પણ નથી લેવાના, પણ આખા ગુજરાતમાં આ સરકારે ભયનો માહોલ ઉભો કર્યો છે, કોઈ બોલી ના શકે, કોઈ સરકાર વિરૂધ્ધ લખી ન શકે, કોઈ આંદોલન ન કરી શકે, સરકારમાં થતા ભ્રષ્ટાચાર કે ગેરવહિવટ સામે કોઈનો અવાજ ન ઉઠવો જોઈએ એવુ અંગ્રેજો જેવુ શાસન ગાંધીનગર અને દિલ્હીમાં ચાલે છે. ચરોતરની ભુમિ પરના સરદાર પટેલ જેવા વિરલ નેતૃત્વ કે જેણે ગોરા અંગ્રેજોને પણ દેશ છોડવાની ફરજ પાડી, આજ ગાંધી સરદાર ની ગુજરાતની ધરા પરથી જો આ નવા કાળા અંગ્રેજોને ચેલેન્જ આપવામાં નહી આવે તો, આ ગુલામીના દિવસો અંગ્રેજો કરતા પણ ખરાબ આવશે, માટે જ ગુજરાતની પ્રજાની તકલીફ, પીડા, દર્દ અને આક્રોશને વાચા આપવા માટે આ જન આક્રોશ યાત્રાની શરૂઆત કરવામાં આવી છે.

## સુરેન્દ્રનગરમાં ઈડી ના દરોડા બાદ કલેકટર પણ શંકાના દાયરામાંઃ નાયબ મામલતદાર ૧ જાન્યુ. સુધી રીમાન્ડ પર

પ્રતિનિધિ,ગાંધીનગર







ગુજરાતમાં આમ તો સામાન્ય રીતે ઈન્કમટેક્ષના દરોડા ખાનગી કંપનીઓ પર જ પડતા હોય છે, પણ આ વખતે આ મામલામાં સરકારી અધિકારીઓ પણ ઝપટે આવી ગયા છે, સુરેન્દ્રનગરમાં ગઈ કાલે ૨૩ ડીસેમ્બર ના રોજ કલેકટર અને નાયબ મામલતદાર ના નિવાસસ્થાને અચાનક ઈડીએ દરોડા પાડયા હતા. ઈડીની અલગ અલગ ટીમો દ્વારા શહેરના ૪ થી વધુ સ્થળો પર એક સાથે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતા જિલ્લામાં ચકચાર મચી જવા પામી હતી. સમગ્ર તપાસ બાદ આ મામલે નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીની મોડી રાત્રે ધરપકડ કરવામાં આવી હતી. સુરેન્દ્રનગરમાં ઈડી ના દરોડા બાદ નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીની મોડી રાત્રે પોલીસે ધરપકડ કરી હતી અને સાંજે નાયબ મામલતદારને અમદાવાદ ગ્રામ્ય કોર્ટ સ્થિત સ્પેશિયલ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. આ મામલે વધુ પુછપરછ કરવા અને પુરાવાઓ એકત્રિત કરવા માટે ઈડી દ્વારા કોર્ટ પાસે આરોપીના ૧૪ દિવસના રીમાન્ડની માંગ કરી હતી અને કોર્ટે આગામી ૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધીના રીમાન્ડ મંજુર કર્યા હતા. મફતી માહિતી મુજબ ઈડીએ નાયબ મામલતદાર અને સુરેન્દ્રનગર કલેકટર ના નિવાસસ્થાન પર દરોડા પાડયા હતા. જેમાંથી નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના ઘરેથી ૬૭.૫૦ લાખ રોકડા પણ મળ્યા હતા, સાથે જ બહાર આવ્યુ હતુ કે કલેકટર જે ફાઈલોનો વહિવટ કરવાના હોય તે ફાઈલોને તે પોતાના ઘરે લઈ જતા હતા, કલેકટરના ઘરેથી ઈડીએ ૧૦૦ જેટલી ફાઈલો જપ્ત કરી છે. જેના કારણે હવે કલેકટર પણ શંકાના ઘેરા હેઠક છે. મફતી માહિતી પ્રમાણે હાલ આ કેસમાં ચંદ્રસિંહ મોરી સામે અને અન્ય લોકો સામે ગુન્હો નોંધી આ મામલે ઈડી ફરીયાદી બની છે. વચેટીયાઓ અને એજન્ટો મારફતે જમીન બિનખેતી (એનએ) કરાવતા હતા, જમીન બિનખેતી કરાવવામાં સુરેન્દ્રનગર કલેકટર ઓફીસના કર્મચારીઓની મોટાપાયે સંડોવણી હોવાનુ બહાર આવ્યુ છે. આયોજનબધ્ધ રીતે ખંડણી અને ગેરકાયદેસર રીતે લાભ કરાવીને બિનખેતી જમીન કરાવવાનુ કૌભાંડ ચલાવવામાં આવ્યુ હતું. હેતુફેર અંતર્ગત થયેલી અરજીઓને લઈ આ સમગ્ર કૌભાંડ આચરવામાં આવતુ હતું, નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી પાસે જમીન બિનખેતી કરવા બાબતે પાવર હતા અને તેનો દુરુપયોગ કરવામાં આવ્યો છે. આયોજનબધ્ધ રીતે જમીન બિનખેતી કરી આપવા બાબતમાં રૂપીયા લેવામાં આવતા હતા. આ રૂપીયા સ્પીડ મનીના માધ્યમથી અરજી વિલંબિત રાખ્યા સિવાય કામ કરી આપવામાં આવતુ હતુ, અરજીના આધાર પર ચો.મી. મુજબ રકમ નકકી કરવામાં આવતી હતી અને આ રકમ કર્મચારીઓ સુધી પહોચાડવામાં આવતી હતી તેવુ હાલ જાણવા મળ્યુ છે.

### બલોચ સમુદાયની લાગણી દુભાવવાનો આરોપ

## ધુરંધર ફિલ્મ ડાયલોગ વિવાદ ગુજરાત હાઈકોર્ટ પહોંચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

તાજેતરમાં રિલીઝ થયેલી બોલિવૂડ ફિલ્મ ધુરંધરમાં બલોચ સમાજ સંબંધિત ડાયલોગ પર રોક લગાવવામાં આવે તેવી માંગ સાથે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે ફિલ્મમાં કથિત ડાયલોગથી બલોચ સમુદાયની લાગણી દુભાઈ છે.અરજદાર યાસીન અલ્લારખા બલોચ તરફથી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં ફિલ્મમાં વિવાદિત પ્રકારનો ડાયલોગ સામેલ કરવા બદલ ડિરેક્ટર આદિત્ય ધાર વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.અરજદારે અરજીમાં રજૂઆત કરી છે કે હાઈકોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનના અધ્યક્ષને ફિલ્મની ફરીવાર સમીક્ષા કરવા અને બંધારણીય માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવા નિર્દેશ આપે.'ડાયલોગના પ્રદર્શન અને પ્રસાર પર રોક લગાવો'આ સાથે જ અરજીમાં તમામ પ્લેટફોર્મ પર વાંધાજનક ડાયલોગ પ્રદર્શન અને પ્રસાર પર રોક લગાવવાની માંગ કરવામાં આવી છે. આ ડાયલોગને ફિલ્મથી દૂર કરવામાં અથવા તેમાં ફેરફાર કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. આ ડાયલોગ બંધારણની કલમ ૨૧ હેઠળ જીવન અને ગૌરવના અધિકારનું ઉલ્લંઘન કરે છે, કારણ કે તે સમગ્ર વંશીય જૂથને સ્વાભાવિક રીતે અવિશ્વસનીય ગણાવે છે, તેવો દાવો અરજદાર તરફથી કરવામાં આવ્યો છે.અરજદારે અરજીમાં રજૂઆત કરી છે કે વિવાદિત ડાયલોગના સતત પ્રસારણથી પૂર્વગ્રહને અને સામાજિક દુશ્મનાવટને ઉશ્કેરવાનું જોખમ વધી શકે છે, જે જાહેર વ્યવસ્થા અને સાંપ્રદાયિક સંવાદિતા માટે ખતરા સમાન છે.આદિત્ય ધર દ્વારા દિગ્દર્શિત અને રણવીર સિંહ અભિનીત ફિલ્મ ''ધૂરંધર'' ૫ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. અરજદારનો દાવો છે કે બલોચ સમુદાય વિરુદ્ધ કથિત રીતે વાંધાજનક ટિપ્પણી વિશે તેમને ફિલ્મની રિલીઝ પછી જ ખબર પડી હતી.'હંમેશાં બોલતા હૂં બડે સાબ મગરમચ્છ પે ભરોસા કર સકતે હૈ મગર બલોચ પે નહીં.' તાજેતરમાં આદિત્ય ધરના નિર્દેશન હેઠળ રીલીઝ થયેલી 'ધુરંધર' ફિલ્મમાં આ ડાયલોગને લઈ જૂનાગઢ બલોચ મકરાણી સમાજ નારાજ છે. ફિલ્મમાં અભિનેતા સંજય દત્તે એક સંવાદ વખતે આ ડાયલોગ બોલ્યો જેથી બલોચ સમાજની લાગણીને ઠેસ પહોંચી છે.

ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

પરમ શ્રદ્ધેય
# શ્રી અટલ બિહારી વાજપેયીજીની
## જન્મ જયંતી પર કોટિ કોટિ વંદન...



# અટલ નેતૃત્વ અવિરત વિકાસ

# ૨૫મી ડિસેમ્બર
# સુશાસન દિવસ



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## સુશાસનને મળશે નવો આયામ

### AB PMJAY-MA યોજના
- લાભાર્થીઓને ક્લેઇમની ચૂકવણીમાં **ગુજરાત સતત અગ્રેસર**

### મહેસૂલી સુધારા
- મહેસૂલી કાયદાઓ સરળ કરાયા
- iORA પોર્ટલ પર **ત્રણ વર્ષમાં ૧૭.૯ લાખ**થી વધુ અરજીઓ પ્રોસેસ કરાઈ

### મહિલા સશક્તિકરણ
- બે વર્ષમાં લખપતિ દીદીની સંખ્યા રાજ્યમાં **૫.૯૬ લાખ**ને પાર

### સ્ટાર્ટઅપને સરકારનું પ્રોત્સાહન
- સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન **પૉલિસી ૨.૦ અંતર્ગત છેલ્લા ૪ વર્ષ**માં રાજ્ય સરકાર દ્વારા **૧૫૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ**ને મળી સહાય

### મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના
- રાજ્યના **૪૦ લાખ**થી વધુ બાળકોને મળી રહ્યું છે **શિક્ષણ સાથે પોષણ**
- માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના **"પઢાઈ ભી, પોષણ ભી"** ના ધ્યેયને સાકાર કરતી ગુજરાત સરકાર

### ખેડૂતોને દિવસે વીજળી
- કિસાન સૂર્યોદય યોજના થકી રાજ્યમાં **૧૯ લાખથી** વધુ ખેડૂતોને મળ્યો **દિવસે વીજળીનો લાભ**

"સશક્ત અને સમૃદ્ધ ગુજરાત માટે સુશાસન પાયાની જરૂરિયાત છે"
- **શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

## જિલ્લાની ઈડર તાલુકા પંચાયતમાં એસીબીની ટ્રેપ બાદ ડીડીઓ હર્ષદ વોરા એ કરી લાલ આંખ: ડીડીઓ હર્ષદ વોરા હિંમતનગર તાલુકાની પરબડા પંચાયતની અચાનક સરપ્રાઈઝ મુલાકાતે આવતા દોડધામ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાની ઈડર તાલુકા પંચાયતમાં એસીબીની ટ્રેપ બાદ કેટલાક લાંચીયા કર્મચારીઓ ઝડપાઈ ગયા હતા. ત્યારે હવે ખુદ ડીડીઓ હર્ષદ વોરાએ આળસ ખંખેરી અચાનક ગ્રામ પંચાયતોની મુલાકાતે પહોંચી જતા જિલ્લાના પંચાયત વિભાગમાં દોડધામ મચી જવા પામી હતી.

જિલ્લાની કેટલીક તાલુકા પંચાયતોમાં છેલ્લા કેટલાય સમયથી ભ્રષ્ટાચારનો સડો લાગી ગયો છે. સરકારી યોજનાઓના લાભ લેવા માટે લાભાર્થીઓને નવૈધ કર્યા વગર લાભ મળતો નથી. જિલ્લાની સૌથી મોટી કહેવાતી ઈડર તાલુકા પંચાયતના બાંધકામ શાખામાં કોન્ટ્રાકટરોને બીલો પાસ કરાવવા માટે ટીડીઓથી લગાડી નીચેના કર્મચારીઓને નવૈધ કરવુ પડે છે. તો કેટલાક સરપંચો પાસેથી રીતસર તાલુકા પંચાયતના કેટલાક આઉટસોર્સિંગ કર્મચારીઓ જાહેરમાં રૂપીયાનુ ઉઘરાણુ કરતા હોવાની બુમરોળ ઉઠવા પામી છે. વરસો બાદ આજે બુધવારે ડીડીઓ હર્ષદ વોરાએ અચાનક હિંમતનગર તાલુકાની પરબડા ગ્રામ પંચાયતે ચેકીંગમાં આવતા દોડધામ મચી જવા પામી હતી. કહેવાય છે કે ડીડીઓ પરબડા ગ્રામ પંચાયતમાં ચેકીંગમાં આવવાના હતા તેવી કોઈને જાણ પણ ન હતી. અચાનક ડીડીઓ હર્ષદ વોરાએ ગ્રામ પંચાયતમાં તલાટી કમમંત્રીની ખુરશી પર બેસી પંચાયતમાં ચાલતી કામગીરીના પાઠ લીધા હતા.

ડીડીઓ હર્ષદ વોરાની અચાનક પંચાયતોની મુલાકાત બાદ ભ્રષ્ટ જિલ્લાના ટીડીઓ સહિતના સ્ટાફમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.



## આજથી ૩૧ ડીસે. સુધી સમગ્ર રાજયભરમાં દારૂ અંગેની ડ્રાઈવ ચલાવવામાં આવશેઃ રાજયભરમાં દેશી વિદેશી દારૂના ધંધાર્થીઓ પર દરોડા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




આગામી તારીખ ૩૧ ડીસેમ્બર સંદર્ભે ગુજરાતમાં અન્ય રાજયોમાંથી કરોડોની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ટ્રકોના ટ્રકો ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર, કચ્છ, કાઠીયાવાડમાં ઠાલવવામાં આવતો હોય રાજય પોલીસવડા વિકાસ સહાય દ્વારા રાજયભરમાં દારૂ અંગેની આજે બુધવાર થી ડ્રાઈવ શરૂ કરવા કરેલા આદેશના પગલે સમગ્ર રાજયમાં પોલીસ કમિશ્નર તેમજ જિલ્લા પોલીસવડાની સુચનાઓને અનુલક્ષી પોલીસ મથકના ડી સ્ટાફ દ્વારા દેશી વિદેશી દારૂના ધંધાર્થીઓ પર દરોડાના દોર શરૂ કરી દેવાયા છે. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ સહિતના રાજયભરના પોલીસ કમિશ્નર, રેન્જ આઈજી, ડીસીપી, એસપી સહિતના આઈપીએસ અધિકારીઓ બે દિવસ ગાંધીનગર ખાતે રાજય સરકારની પોલીસ ક્રાઈમ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહ્યા હતા, આ ક્રાઈમ કોન્ફરન્સમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, રાજય પોલીસવડા વિકાસ સહાયે રાજયમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સુચનો તેમજ આગામી દિવસોમાં ક્રાઈમ કંટ્રોલ અંગે શુ કરી શકાય તે અંગે ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણાઓ કરી હતી. તે દરમિયાન આગામી ૩૧ ડીસેમ્બર ને ધ્યાને રાખી આજથી એટલે કે બુધવાર થી રાજયભરમાં ૬ દિવસ સુધી દારૂ અંગેની ડ્રાઈવ ચલાવવા કરાયેલા આદેશના પગલે આજે બુધવાર સવારથી રાજયભરના શહેર અને જિલ્લા તેમજ તાલુકાઓમાં દેશી વિદેશી દારૂના ધંધાર્થીઓ પર પોલીસ દ્વારા દરોડાનો દોર શરૂ કરાયો છે.

ત્યારે રાજકોટ પોલીસ કમિશ્નરની સુચનાથી તેમના નેજા હેઠળ કાર્યરત પીસીબી બ્રાન્ચના પીઆઈ એમ આર ગોંડલીયા, પીઆઈ એમ જે હુણ, પીએસઆઈ પી બી ત્રાજીયા, સહિતની અલગ અલગ ટીમોએ શહેરના અલગ અલગ પોલીસ મથકમાં દેશી અને વિદેશી દારૂ અંગેની ડ્રાઈવ શરૂ કરી દીધી છે. તો બીજી તરફ શહેરના અલગ અલગ પોલીસ મથકના ડી સ્ટાફ દ્વારા દેશી વિદેશી દારૂના અડ્ડાઓ પર દરોડાના દોર શરૂ કરાતા દારૂના અડ્ડા માલીકોમાં રીતસરનો ફફડાટ વ્યાપી ઉઠયો છે. આ ડ્રાઈવ આગામી ૩૧ ડીસેમ્બર સુધી પોલીસ દ્વારા સતત ચાલુ રાખવામાં આવનાર છે.

### રાજયના પીએચસી અને સીએચસી કેન્દ્રો પર મળશે સુવિધા : આયુષ્યમાન કાર્ડ અને મફત સારવાર સામગ્રી

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ટાઈપ-૧ ડાયાબીટીસ કાર્યક્રમનો કરાવ્યો પ્રારંભ : દરેક ગામડે ગામડે સુધી પહોચશે સારવાર

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




ગુજરાત સરકાર દ્વારા રાજયના બાળકોના સ્વાસ્થ્ય ને સુરક્ષિત કરવા માટે એક મહત્વપૂર્ણ ડગલુ ભરવામાં આવ્યુ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે બુધવારે રાજયવ્યાપી ટાઈપ-૧ ડાયાબીટીસ સારવાર અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. આ અભિયાનનો મુખ્ય હેતુ રાજયનુ એક પણ બાળક ડાયાબીટીસની સારવારથી વંચિત ન રહે અને ગરીબ પરીવારો પર દવાનો બોજ ન પડે તે સુનિશ્ચિત કરવાનો છે. મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યુ હતુ કે રાજયના છેવાડાના વિસ્તારોમાં રહેતા બાળકોને પણ આધુનિક સારવાર મળી રહે તે માટે સરકારે આયોજન કર્યુ છે. હવેથી ગ્રામિણ વિસ્તારોના પ્રાયમરી હેલ્થ સેન્ટર (પીએચસી) અને કોમ્યુનીટી હેલ્થ સેન્ટર (સીએચસી) પર પણ ટાઈપ-૧ ડાયાબીટીસની તપાસ અને સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવશે, મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે ડાયાબીટીસ ધરાવતા બાળકોને ઈન્સ્યુલીનાં ઈન્જેકશન, ગ્લુકોમીટર અને અન્ય જરૂરી મેડીકલ કીટ રાજય સરકાર દ્વારા વિના મુલ્યે આપવામાં આવશે, ગંભીર બિમારીઓના કિસ્સામાં આયુષ્યમાન કાર્ડ દ્વારા પરીવારને આર્થિક રક્ષણ પુરૂ પાડવામાં આવશે , જેથી સારવારનો ખર્ચ માવતર પર ન આવે, રાજય સરકારના આરોગ્યલક્ષી અભિગમ વિશે માહિતી આપતા મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે સરકાર પ્રિકોશન-પ્રિવેન્સન અને પોઝેટીવ લાઈફ સ્ટાઈલ પર ધ્યાન આપી રહી છે,

શાળા આરોગ્ય અભિયાન અંતર્ગત દર વરસે અંદાજે ૧ કરોડથી વધુ બાળકોની સ્વાસ્થ્ય તપાસ કરવામાં આવે છે. જો તપાસમાં કોઈ બાળકને કીડની, હૃદય, કેન્સર કે લીવર ટ્રાન્સપ્લાન્ટ જેવી ગંભીર બિમારી જણાય તો તેની સુપર સ્પેશ્યાલીસ્ટ સારવાર સરકાર મફત કરી આપે છે. છેલ્લા ૧૧ વરસોમાં અંદાજે ૨.૧૮ લાખ થી વધુ બાળકોને સરકારે આવી મોંઘી સારવાર વિનામુલ્યે પુરી પાડી છે. ગુજરાત સરકારના આ નવા અભિયાનથી ડાયાબીટીસ સામે ઝઝુમતા હજારો બાળકોને નવુ જીવન મળશે અને તેમના પરીવારોને આર્થિક તેમજ માનસિક રાહત મળશે.

## રાજયમાં ટેટ-૧ ની પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે જાન્યુઆરીમાં ૫ હજાર વિદ્યા સહાયકોની કરાશે ભરતી

### નવા શૈક્ષણિક સત્રથી શાળાઓને શિક્ષકો મળી રહે તેવુ આયોજનઃ વ્યાયામ, ચિત્ર અને સંગીત શિક્ષકોની કરાર આધારીત ભરતી કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયમાં તાજેતરમાં ટેટ-૧ ની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓ માટે વિદ્યા સહાયકની ભરતી આવી રહી છે, જાન્યુઆરી ૨૦૨૬ માં ૫ હજાર વિદ્યા સહાયકોની ભરતીની પ્રક્રિયા શરૂ કરાશે અને માર્ચ મહિના સુધીમાં પસંદગી પ્રક્રિયા પુર્ણ કરી દેવાશે,

નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ પહેલા જ શાળાઓમાં શિક્ષકોની ઘટ પુરવા માટે વિદ્યા સહાયકોની ભરતી કરી દેવાશે એવુ શિક્ષણ વિભાગના સુત્રોમાંથી જાણવા મળ્યુ છે.

સુત્રોના કહેવા મુજબ રાજયની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા મોટા ભાગના શિક્ષકો વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા તેમને નિયમ મુજબ ૫ મહિના સુધી એકસટેન્શન આપવામાં આવ્યુ છે. આ એકસટેન્શન સમયગાળો પુર્ણ થતા જ શાળાઓમાં મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી પડશે, જેને ભરવા માટે શિક્ષકોની ભરતી અનિવાર્ય બનશે, આ કારણે સરકાર ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા માંગે છે. જાન્યુઆરી ૨૦૨૬ માં ૫ હજાર જેટલા વિદ્યા સહાયકોની જગ્યા માટે જાહેરાત અપાશે અને માર્ચ ૨૦૨૬ સુધીમાં ભરતી પ્રક્રિયા પુર્ણ કરી દેવામાં આવશે.

નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ પહેલા જ શિક્ષકોની ઘટ પુરી કરી દેવાશે, જો કે વ્યાયામ, ચિત્ર અને સંગીત વિષયના શિક્ષકોની ભરતી કરાર આધારીત કરવામાં આવશે, હાલ તાજેતરમાં ૫ હજાર વ્યાયામ શિક્ષકોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ યોગ્ય ઉમેદવારો ન મળતા હજુ પણ અંદાજે ૩૫૦૦ વ્યાયામ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. વ્યાયામ શિક્ષકોની ભરતીમાં પડકાર અંગે સુત્રોએ કહ્યુ કે સીપીઈએડ કોલેજો બંધ થઈ જતા લાયક ઉમેદવારો મળવામાં મુશ્કેલી છે. પરીણામે સરકારને પુરતી સંખ્યામાં યોગ્ય ઉમેદવારો મળી રહ્યા નથી, આ સ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં નવી ભરતી અંગે વૈકલ્પિક વ્યવસ્થા અને આયોજન પર વિચારણા કરવામાં આવશે.

## છોટા ઉદેપુરના સંખેડામાં આમ આદમી પાર્ટીની ગુજરાત જોડો જનસભા યોજાઈ: મનરેગા કૌભાંડ સહિતના મામલે ચૈતર વસાવાએ સરકાર પર કર્યા પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

આજે બુધવારે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ છોટા ઉદેપુર જિલ્લાના સંખેડામાં ગુજરાત જોડો જનસભામાં હાજરી આપી હતી. ધારાસભ્ય ચૈતર વસાવા સહિત યુવા નેતા યુવરાજસિંહ જાડેજા પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ જનસભામાં ખુબ જ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા અને આમ આદમી પાર્ટીને સમર્થન આપ્યુ હતું. આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય ચૈતર વસાવાએ ભાજપ પર આકરા પ્રહાર કરતા કહ્યુ હતુ કે ૨૮ ગામોના હાઈડ્રો પ્રોજેકટ મંજુર થયો, જો આ પ્રોજેકટના નામે આદિવાસીઓની એક પણ ઈંચ જમીન છીનવવામાં આવશે તો અમે તીર કામઠા લઈ તેનો ઉગ્ર વિરોધ કરીશુ, કાંધા ગામમાં પ્રાથમિક સુવિધા હજુ પણ નથી, નસવાડીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઠેકાણા નથી, વધુમાં તેમણે કહ્યુ કે ૩૦ વરસના શાસન બાદ પણ આજે આદિવાસી વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાની કમી છે, આપણે મનરેગામાં થયેલા ભ્રષ્ટાચારના મુદ્દાને શરૂઆતમાં છોટા ઉદેપુર, નર્મદા અને ભરૂચ જિલ્લામાંથી ઉઠાવ્યો, ત્યારબાદ નેતાઓ, તેમના પુત્રો, ભાજપના મંત્રી, સંત્રી અને કોંગ્રેસના ઉપાધ્યક્ષ જેવા નેતાઓને જેલમાં જવુ પડયુ, કેન્દ્રની ભાજપ સરકારે તેમના નેતાઓના કૌભાંડોને છુપાવવા માટે મનરેગાનુ નામ બદલ્યુ, અમે ભાજપના નેતાઓને કહેવા માંગીએ છીએ કે મનરેગાનુ નામ બદલવાથી અમે ભાજપના કૌભાંડો ભુલીશુ નહી અને ભ્રષ્ટાચારીઓને અમે છોડીશુ નહી, મનરેગાનુ નવુ નામ જી રામ જી કરી નાખવામાં આવ્યુ છે, ભાજપે પોતાના મનરેગાના કૌભાંડોને છુપાવવા માટે ભગવાન રામના નામનો ઉપયોગ કર્યો , તો આવી સરકારને આપણે હવે ઘર ભેગી કરવાની છે. વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આપણા વિસ્તારમાં આવ્યા તેમને આવકારીએ છીએ અને તેમના કાર્યક્રમમાં ખર્ચો પણ થાય એ સમજી શકીએ છીએ. પરંતુ આ લોકોએ આદિવાસી ગ્રાન્ટ પુરી કરી દીધી, સીકલ સેલથી પીડાતા આદિવાસી બાળકોના ફુડ બીલ ના પૈસા હોય, શાળાઓમાં ભણતા બાળકોને ફુડ બીલના પૈસા હોય, કુપોષણથી પીડાતા બાળકોના ફુડ બીલના પૈસા હોય, આંગણવાડીના બાંધકામના પૈસા હોય, શિક્ષણના પૈસા હોય, રોડ રસ્તાના પૈસા હોય, આ બધા આદિવાસી સમાજના કામોના પૈસા તાઈફાઓમાં વપરાઈ જતા હોય ત્યારે ચૈતર વસાવા એના વિરોધમાં અવાજ ઉઠાવશે. ચાહે કોઈ સીએમનો કાર્યક્રમ હોય કે પીએમ નો કાર્યક્રમ હોય. હવે અમે એનો હિસાબ રાખીશુ, એવો તો




કેવો પ્રોગ્રામ હશે કે ૭ કરોડ ૮૨ લાખ ની તો બસો કરવી પડી, ૨ કરોડ ૪૦ લાખના ટોયલેટ મંગાવવા પડે, ૮ કરોડ ૩૮ લાખનો સ્ટેજ બનાવવો પડયો, ૭ કરોડ ૮૩ લાખનો મંડપ બનાવવો પડયો, ૨ કરોડનો ડોમ બનાવવો પડયો, ૨ કરોડ ૫૧ લાખનુ પાર્કિંગ કરવુ પડયુ, ૨ કરોડના સમોસાનો ખર્ચ થયો, ૨ કરોડની ચા પીવડાવી દેવામાં આવી, ૫૦ લાખનુ પાણી પીવડાવી દેવામાં આવ્યુ, આ તમામ પૈસા આદિવાસી લોકોના વિકાસ માટેની ગ્રાન્ટના પૈસા હતા, એ ગ્રાન્ટોના પૈસા વાપરી નાખવામાં આવ્યા, અમે અધિકારીઓને કહેવા માંગીએ છીએ કે આ અમારા લોકોના વિકાસના પૈસા હતા. તો તમારે એક એક રૂપીયાનો હિસાબ આપવો પડશે.

## ગુજરાતમાંથી ૧૦ આઈપીએસ અધિકારીઓએ દિલ્હી ડેપ્યુટેશન પર જવાની ના પાડી દીધી

પ્રતિનિધિ,ગાંધીનગર




રાજયમાં ડીઆઈજી રેન્કના ૭ અધિકારીઓ છેલ્લા ૬ મહિનાથી પોસ્ટીંગની રાહ જોઈ રહ્યા છે, આ દરમિયાન હવે નવી ગુંચવણ ઉભી થઈ છે. કેન્દ્રીય ડેપ્યુટેશન માટે પસંદ કરાયેલા ૧૦ આઈપીએસ અધિકારીઓમાંથી કેટલાક દિલ્હી જવા તૈયાર નથી,

સુત્રોના જણાવ્યા પ્રમાણે રાજય સરકારે એસપીથી લઈને આઈજીપી રેન્કના ૧૦ આઈપીએસ અધિકારીઓને કેન્દ્રીય ડેપ્યુટેશન માટે શોર્ટલીસ્ટ કર્યા છે, તો બીજી તરફ એડીશનલ ડીજીપી થી ડીજીપી રેન્કના પ્રમોશન પણ બાકી છે, સુત્રોએ જણાવ્યુ હતુ કે શોર્ટલીસ્ટ કરવામાં આવેલા કેટલાક અધિકારીઓ કેન્દ્રીય એજન્સીઓમાં જવા માટે અનિચ્છુક છે, જે બાબત વહિવટી તંત્રને પસંદ આવી નથી, આવી અનિચ્છા આ અધિકારીઓને બેડ બુકસ માં મુકી શકે છે. સુત્રોના કહેવા મુજબ ઓગસ્ટ મહિનાથી અનિશ્ચિતતા શરૂ થઈ હતી. તે સમયે રાજય સરકારે ૮૫ આઈપીએસ અને ૩૧ સ્ટેટ પોલીસ સર્વિસ અધિકારીઓની બદલી કરી હતી. જેમાં ૩૩ માં થી ૨૫ જિલ્લાના એસપીનો સમાવેશ થતો હતો. આ સમયે ડીઆઈજી રેન્કના ૮ આઈપીએસ અધિકારીઓને વેઈટીંગ ફોર પોસ્ટીંગ ( નિમણુંકની રાહમાં ) રાખવામાં આવ્યા હતા. તેમાંથી એક ને પોસ્ટીંગ મળી ગયુ છે, પરંતુ ૭ અધિકારીઓ હજુ પણ ૬ મહિનાથી રાહ જોઈ રહ્યા છે.

હવે પોલીસબેડામાં એવી ચર્ચા છે કે આ વેઈટીંગમાં રહેલા ડીઆઈજી પૈકીના કેટલાકને આખરે પોસ્ટીંગ મળી શકે છે. જયારે કેટલાકને કેન્દ્રીય ડેપ્યુટેશન માટે મોકલવામાં આવી શકે છે. નોંધનીય છે કે પોસ્ટીંગ વગરના તમામ ડીઆઈજી હાલમાં ચાલી રહેલી ડીઆઈજી ક્રાઈમ કોન્ફરન્સમાં હાજર રહ્યા હતા. જેનાથી ટુંક સમયમાં નિર્ણય લેવાશે તેવી અટકળો તેજ બની છે.

નવા વરસમાં રાજયને નવા ડાયરેકટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) અને પોલીસ વડા મળવાના છે. ત્યારે સુત્રોએ જણાવ્યુ હતુ કે કેન્દ્રીય ડેપ્યુટેશનની યાદીને કારણે વેઈટીંગમા રહેલા ડીઆઈજીના પોસ્ટીંગ અને જાન્યુઆરી ૨૦૨૬ માં થનારા એડીશનલ ડીજીપી થી રેન્કના પ્રમોશનમાં વિલંબ થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે ડેપ્યુટેશન માટેની યાદીમાં માત્ર પોસ્ટીંગ વગરના ડીઆઈજી જ નથી અન્ય કેટલાક અધિકારીઓનો પણ સમાવેશ થાય છે.

સુત્રોએ જણાવ્યુ હતુ કે જાન્યુઆરી ૨૦૨૬ માં જે એડીશનલ ડીજીપી રેન્કના અધિકારીઓના પ્રમોશન થવાના છે તેઓ આ હીલચાલ પર નજર રાખી રહ્યા છે. જો કે હાલમાં વેઈટીંગમાં રહેલા ૭ આઈપીએસ અધિકારીઓના પોસ્ટીંગ સિવાય, આગામી પ્રમોશન છતાં કોઈ મોટા ફેરફારની શકયતા નથી. અત્યારે તો કેન્દ્રીય ડેપ્યુટેશનની યાદી અને કેટલાક અધિકારીઓની ત્યાં જવાની ના પાડવાની વૃત્તિ વહિવટી તંત્ર અને સંબંધીત આઈપીએસ અધિકારીઓ બંને માટે ચિંતાનો વિષય બની છે. સુત્રોએ કહ્યુ કે પોસ્ટીંગ અને પ્રમોશનની રાહ જોઈ શકાય છે. પરંતુ કેન્દ્રીય ડેપ્યુટેશન માટે ના પાડવી એ એવી બાબત છે જેને સિસ્ટમ સરળતાથી ભુલતી નથી.

## ગુજરાતમાં કાળજુ કંપાવતી ઘટના બની : પિતા ટ્રક રીવર્સ લેતા હતા ને વ્હાલસોયો પુત્ર કચડાયોઃ જુવાનજોધ દિકરાનુ ઘટનાસ્થળે જ મોત

પ્રતિનિધિ,ગાંધીનગર




કડી તાલુકાના ઈન્દ્રાડ ગામમાં કાળજુ કંપાવતી ઘટના બનવા પામી છે. એક કંપનીમાં પિતા ટ્રક રીવર્સ લેતા હતા ત્યારે તેનો જ પુત્ર કચડાતા મોતને ભેટયો હતો. ૧૯ વર્ષના જુવાનજોધ દિકરાનુ ઘટનાસ્થળે જ મોત થતા પરીવાર પર આભ ફાટી પડયુ છે,

મળતી માહિતી પ્રમાણે મુળ રાજસ્થાનના બાડમેર જિલ્લાના વતની અને ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા દેવારામ ચૌધરી ટ્રક ડ્રાઈવીંગ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેમનો ૧૯ વર્ષીય પુત્ર મુકનારામ પણ પિતાને કામ માં મદદ કરવા તેમની સાથે જ રહેતો હતો. આ પિતા પુત્ર ગઈ કાલે તારીખ ૨૩ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ રાજસ્થાનના જેસલમેર થી ટ્રક નંબર આરજે ૧૯ જીઈ ૩૧૬૫ માં માલ સામાન ભરીને કડી તાલુકાના ઈન્દ્રાડ ગામની સીમમાં આવેલી ગ્રીનફીલ્ડ ડેરીવેટીવ્ઝ પ્રા.લી. કંપનીમાં અનલોડીંગ માટે આવ્યા હતા, ઘટના સવારના આશરે ૭ વાગ્યાની આસપાસ બની હતી, જયારે કંપનીમાં ટ્રકમાંથી માલ ખાલી કરવાની પ્રક્રિયા ચાલી રહી હતી, ત્યારે ટ્રક ચાલક પિતા દેવારામભાઈ ટ્રકને રીવર્સ લઈ રહ્યા હતા, જયારે તેમનો પુત્ર મુકનારામ પાછળ ઉભો રહીને ટ્રકને સાઈડ આપી રહ્યો હતો, આ દરમિયાન દિવાલ અને અનલોડીંગ સ્ટેન્ડ ની વચ્ચે એક લોખંડનુ સ્ટેન્ડ પડયુ હતુ, જેને ખસેડવા માટે મુકનારામ ત્યાં ગયો હતો, આ સમયે પિતા દેવારામભાઈનુ ધ્યાન ન રહેતા તેમણે ટ્રક રીસર્વ લેવાનુ ચાલુ રાખ્યુ હતુ,

પલભરમાં જ મુકનારામ દિવાલ, લોખંડના સ્ટેન્ડ અને ટ્રકના પાછળના ભાગની વચ્ચે આવી ગયો હતો, ટ્રક વચ્ચે દબાઈ જવાથી તેને શરીરે અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોચી હતી. પુત્રની બુમાબુમ સાંભળી પિતાએ તુરંત ટ્રક રોકી નીચે ઉતરીને જોયુ તો પુત્ર લોહીલુહાણ હાલતમાં ફસાયેલો હતો, જો કે ગંભીર ઈજાઓને કારણે ૧૯ વર્ષીય મુકનારામનુ ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજયુ હતું. પોતાની જ ભુલ થી નજર સામે પુત્રને ગુમાવતા પિતા શોકમાં ગરકાવ થઈ ગયા હતા.

## સુરતમાં વધુ એક લાંચીયો અધિકારી ઝડપાયો : મામલતદાર કચેરીના સર્કલ ઓફીસરની ધરપકડ

### કામના અવેજ પેટે કૃષ્ણકુમાર ડાભીએ ૧૦ હજાર રૂપીયાની લાંચની માંગણી કરી હતીઃ એસીબી પોલીસે રૂપીયા ૧૦ હજાર લેતા રંગે હાથ ઝડપ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

હાલ રાજયમાં લાંચીયા અધિકારીઓ પર તવાઈ બોલાવવામાં આવી રહી છે. ગુજરાત એસીબી દ્વારા ઘણા લાંચીયા અધિકારીઓને ઝડપી લેવામાં આવ્યા છે. થોડા દિવસો અગાઉ જ સાબરકાંઠા જિલ્લાની ઈડર તાલુકા પંચાયતમાં એક મહિલા સહિત બે લાંચીયા કર્મચારીઓને રૂપીયા ૧ લાખ ૨૫ હજારની લાંચ લેતા ઝડપી લીધા બાદ વધુ એક સુરતમાંથી એક લાંચીયો અધિકારી ઝડપાતા સરકારી કર્મચારી બેડામાં ખૌફનો માહોલ જોવા મળી રહ્યો છે. સુરતના ઉધનામાં સર્કલ ઓફીસર લાંચ લેતા રંગે હાથ ઝડપાયો હતો, મામલતદાર કચેરીનો સર્કલ ઓફીસર લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયો હતો, સુરત એસીબી દ્વારા કૃષ્ણકુમાર ડાભીને ૧૦ હજાર રૂપીયાની લાંચ લેતા ઝડપી લીધો હતો. મળતી માહિતી અનુસાર ફરીયાદીએ કાચી નોધ પ્રમાણિત કરવા અરજી કરી હતી, જમીનમાં નામોની કાચી નોંધ પ્રમાણિત કરવાની હતી, આ કામના અવેજ પેટે કૃષ્ણકુમાર ડાભીએ ૧૦ હજાર રૂપીયાની લાંચની માંગણી કરી હતી. આ અંગે ફરીયાદ કરતા સુરત એસીબી દ્વારા છટકુ ગોઠવવામાં આવ્યુ હતું. સુરતના ઉધના મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા સર્કલ ઓફીસર લાંચ લેતા ઝડપાયો હતો. જે કારણે ખળભળાટ મચી જવા પામ્યો છે. ફરીયાદીને અસીલના પ્લોટવાળી જમીનમાં અગાઉના માલીકના કામોની કાચી નોધ પ્રમાણિત કરવા માટે અરજી કરી હતી.